# રાષ્ટ્રીય કૃષિ ઇજનેરોની સોસાયટીના
# બાવનમાં ત્રિદિવસીય કાર્યશિબિરનો આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રારંભ

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ભારતીય કૃષિ ઇજનેરોની સોસાયટીના બાવનમાં વાર્ષિક સંમેલન પ્રસંગે **તજજ્ઞતાઓના સમુચિત ઉપયોગ ધ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના** વિષય ઉપર એક **ત્રિદિવસીય** રાષ્ટ્રીય કાર્યશિબિરનો ઉદ્દઘાટન સમારંભ તા. ૮ જાન્યુઆરી-૨૦૧૮ ને સોમવારના રોજ સવારે ૯.૩૦ કલાકે બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ. આ કાર્યશિબિરને કેન્દ્રના કૃષિ, ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ ખુલ્લો મુકેલ. સમારંભના અતિથિ વિશેષ તરીકે અમેરીકન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ એન્ડ બાયોલોજીકલ એન્જીનિયરીંગના પ્રેસીડન્ટ ડૉ. સ્ટીફન સિયર્સી તેમજ અધ્યક્ષ સ્થાને ડૉ. એન. સી. પટેલ, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી રહેલ.

ભારતના વડાપ્રધાનશ્રીએ વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક રાખેલ છે. ત્યારે આ લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે ખેડૂતોને ખેતી માટેનું પાયાનું જરૂરી જ્ઞાન આપવાની જરૂર છે. ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ પ્રતિ જાગૃત કરવાની જરૂરિયાત છે. જો ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડની ચોકકસ જાણકારી હશે તો તેઓ તેમના ખેતરમાં સાચા અર્થમાં જમીનને લાયક પાકની વાવણી કરશે. આના માટે કૃષિ ઇજનેરોએ થિયરીમાંથી બહાર આવી પ્રેકટીકલ જ્ઞાન આપી સાચા અર્થમાં તેમના જ્ઞાનનો ઉપયોગ જમીન ઉપર કરવા ઉપર ભાર મૂકી કૃષિ ઇજનેરોમાં કૃષિના નકશાને બદલવાની ક્ષમતા રહેલી છે તેમ કેન્દ્રના કૃષિ, ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ આજે કહ્યું હતું. શ્રી રૂપાલાએ કૃષિ ઇજનેરોને ખેડૂતોમાં રહેલી શંકા-કુશંકાઓ દૂર કરવાની સાથોસાથ જૈવિક ખેતી, સોલાર એનર્જી, જળવ્યવસ્થાપન, જળસંચય, જળસંગ્રહ, ટપક સિંચાઇ પધ્ધતિ વિશે જાણકારી આપવામાં આવશે તો દેશના ૭૦ ટકા લોકો ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા છે તેઓની સાચા અર્થમાં સેવા કરી ગણાશે અને જો આપણે આ કામ કરી શકીશું તો વડાપ્રધાનશ્રીની જે વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની સ્વપ્ન સેવ્યું છે તેને સાકાર કરી શકીશું તેમ ત્રિદિવસીય રાષ્ટ્રીય કાર્યશિબિરને ખૂલ્લી મૂકતાં કહયું હતું.

શ્રી રૂપાલાએ નાના ખેડૂતોને આધુનિક સાધનોનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે અંગેની જાણકારી આપવા ઉપર ભાર મૂકવાની સાથે સાથે રાસાયણિક ખાતરોના બદલે ખેતીમાં માઇક્રો ઇરીગેશનની તથા ઉત્પાદન ખર્ચ ઓછો આવે, પાકનું મૂલ્યવર્ધન કરી ખેતીની આવક કેવી રીતે બમણી કરી શકાય, તેનાથી કૃષિ ઇજનેરો ખેડૂતોને પ્રેરિત કરી ખેડૂતોની આવક બમણી કરવામાં પોતાનું મહત્વનું યોગદાન આપે તેમ સુચવ્યું હતું.

શ્રી રૂપાલાએ આજના ગ્લોબલ યુગમાં ખેડૂતોમાં પાણીની બચત અને પાણીનો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરવાની સાથોસાથ ખેડૂતો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા રહે અને ખેતીને ઉત્તમ અને નફાકારક બનાવી તેઓનું જીવન ખેતી સાથે જોડાયેલું રહે તેવા ભગીરથ પ્રયાસો કરવા કૃષિ ઇજનેરોને સુચવી, ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવી એ ભારત સરકારની પ્રાથમિકતા હોવાનું પણ જણાવ્યું હતું.

આ કાર્યશિબિરમાં અમેરિકાથી ખાસ ભાગ લેવા પધારેલા અને કાર્યશિબિરના અતિથિવિશેષ અમેરિકન સોસાયટી ઓફ એગ્રીકલ્ચરલ એન્ડ બાયોલોજીકલ એન્જિનિયરીંગના અધ્યક્ષ ડૉ. સ્ટીફન સિયર્સીએ આ પ્રસંગે ભારત સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ સાથે ચર્ચા-મનોમંથન કરી રહી છે ત્યારે આ કાર્યશિબિરનો હું એક ભાગ બન્યો છે તેનો મને આનંદ છે તેમ જણાવી અમેરિકામાં ખેતી ક્ષેત્રે કરવામાં આવી રહેલ સંશોધનો અને તેની ઉપર કેવી રીતે કાર્ય કરવામાં આવે છે તેની વિગતો આપી કૃષિ ક્ષેત્રે ખેડૂતોની આવક બમણી કરવા માટેનું જે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે તેની સરાહના કરી કૃષિ ઇજનેરોને તેઓનું જ્ઞાન ખેડૂતો અને ખેતરો સુધી પહોંચાડી તેનો ખેતીમાં વધુને વધુ પ્રમાણમાં ઉપયોગ કરવાનો અનુરોધ કરી આણંદ કૃષિ યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યશિબિરમાં ખાસ ઉપસ્થિત રહેલ રાજેન્દ્રપ્રસાદ સેન્ટ્રલ યુનિવર્સિટી, પુસાના ડૉ. આર. સી. શ્રીવાસ્તવ અને ચૌધરી ચરણસિંહ કૃષિ યુનિવર્સિટી, હિસ્સાર, હરિયાણાના ડૉ. કે. પી. સિંઘે પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં ગ્રામિણ વિસ્તારોમાં ખેડૂતોની આવક બમણી થાય તે માટે કૃષિ ઇજનેરોને તેઓની મહત્વની ભૂમિકા અદા કરવાની રહેતી હોઇ, કૃષિ ઇજનેરોએ આવનારા સમયમાં આ માટે સુસજ્જ થવું પડશે અને ખેડૂતોને આના માટે પ્રોત્સાહિત કરવા માટે ખેડૂતો અને ખેતરો સુધી પહોંચવું પડશે તેમ જણાવ્યુ હતું. વધુમાં ખેડૂતોને તેઓના પાકોનું યોગ્ય વળતર મળી રહે તે માટે યોગ્ય બજાર-વાહનવ્યવહાર જેવી સુવિધાઓની સાથે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો. તેઓએ અન્ય ઇજનેરોની સરખામણીમાં કૃષિ ઇજનેરોની સંખ્યા ઓછી હોવા છતાં કૃષિ ઇજનેરો સારી રીતે કામ કરી રહ્યા હોવાનું જણાવી ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ કૃષિ ઇજનેરો તૈયાર કરવા માટે સારી એવી કામગીરી કરી રહી હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્ર સરકારના કૃષિ રાજય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ સોવેનિયરનું વિમોચન પણ કર્યું હતું.

આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અને ભારતીય કૃષિ ઇજનેર સોસાયટીના પ્રમુખ ડૉ. એન.સી. પટેલે વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટેનો આ એક અતિ મહત્વનો વિષય છે ત્યારે કૃષિ ઇજનેરોએ કરેલ સંશોધનો ખેડૂતો અને ખેતરો સુધી પહોંચાડવાનું

ભગીરથ કાર્ય કરવાનું છે તેમ ભારપુર્વક જણાવ્યુ હતું. આ કાર્ય થકી વડાપ્રધાનશ્રીએ ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવાનું જે સ્વપ્ન સેવ્યું છે તેને સાકાર કરવા માટે સોસાયટીએ આ મહત્વનું કદમ ઉઠાવ્યું છે અને આ ત્રણ દિવસ દરમિયાન આ બાબતે ઘનિષ્ઠ ચર્ચા-વિચારણા કરવામાં આવશે જેમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્રે ઘટતાં માનવબળ સામે કૃષિ યાંત્રિકરણ, જળ અને જમીનની ગુણવત્તા અને જથ્થામાં થઇ રહેલ ઘટાડા સામે જળ અને જમીન સંરક્ષણની આધુનિક ખેત પધ્ધતિઓ, પાક કાપણી પછી ખેડૂતોને થતા નુકશાનને ઘટાડવા યોગ્ય કાપણી-પ્રોસેસીંગ અને સંગ્રહ તેમજ ઘટતાં જતાં ખનીજ તેલ સામે સોલાર/બાયોગેસ જેવા ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોનો ઉપયોગનો સમાવેશ થાય છે તેમ કહ્યું હતું.

સોસાયટીનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં ડૉ. ઇન્દ્ર મણિએ ૪૦૦૦ કૃષિ ઇજનેરો હોવા છતાં કૃષિ ઇજનેરોએ ગ્રાસ રૂટ ટુ ગ્લોબલ થકી ખેડૂતોને સુશિક્ષિત કરવાની સાથે કરવામાં આવેલા સંશોધનો ખેડૂતો અને ખેતરો સુધી પહોંચાડવાનું મહત્વનું કાર્ય કરી રહયા હોવાનું જણાવી આગામી સમયમાં યોજાનાર રાષ્ટ્રીય સેમિનાર અંગેની જાણકારી આપી ખેડૂતોને ખેતી માટે જરૂરી એવું ખાતરનો ઉપયોગ, વિવિધ સિંચાઇ પધ્ધતિ, પાકનું મૂલ્યવર્ધન કેવી રીતે કરી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવા માટેના પ્રયાસો કરવામાં આવશે તેમ કહ્યું હતું.

પ્રારંભમાં કાર્યશિબિરના કન્વીનર ડૉ. ડી. સી. જોષીએ સ્વાગત પ્રવચન કરી ખેડૂતોને સીધી રીતે સ્પર્શતી બાબતોમાં કૃષિ ઇજનેરી તજજ્ઞોનું મહત્વનું યોગદાન રહ્યું હોવાની સાથોસાથ સમાજમાં તેઓનો મોટો ફાળો રહેલો છે તેમ જણાવી કાર્યશિબિરમાં ગુજરાત રાજય સહિત ૨૪ રાજયો અને ત્રણ વિદેશના સહિત ૫૦૦થી વધુ કૃષિ ઇજનેરો ભાગ લઇ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

વધુમાં આ કાર્યશિબિર દરમિયાન ખેડૂતોના ઉત્થાન અને ખેતી માટે જેઓએ અથાગ પ્રયાસો કર્યા હતા. તેવા ૩૧ કૃષિ ઇજનેરોને સોસાયટી દ્વારા વર્ષ-૨૦૧૭ના એવોર્ડ જાહેર કરીને કેન્દ્ર સરકારના કૃષિ રાજય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગોલ્ડ મેડલ, એવોર્ડ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં મેશન વાઘ એગ્રીકલ્ચરલ એન્જિનિયરીંગ પાયોનિયર એવોર્ડ ડૉ. એમ.એમ.મહેતા અને શ્રી શરદ પટેલને, ભારતીય કૃષિ ઇજનેર સોસાયટી ગોલ્ડ મેડલ ડૉ. ટી. બી. એસ. રાજપૂત, ભારતીય કૃષિ ઇજનેર સોસાયટીનો ફેલો એવોર્ડ ડૉ. મહેન્દ્રપ્રસાદ ત્રિપાઠી, ડૉ.શ્યામ સુંદર કાપડી, ડૉ. રાજવીર સિંગ, ડૉ. હરમિન્દર સિંગ સિધ્ધુ, ડૉ. નરેન્દ્રકુમાર ગૌંટિયા, ડૉ. રબિન્દ્રકુમાર પાંડા, ડૉ. અનુપકુમાર દિક્ષિત, ડૉ. કાલુવાઇ ચેલા રેડ્ડી, ડૉ. ચી.વી.વી. સત્યનારાયણા, એન્જિનિયર શ્યામસુંદર કોહલી, ડૉ. સત્યપ્રિયા, સોસાયટીનો હોનરરી ફેલો એવોર્ડ, પ્રો. કે. પી. સીંઘ, શ્રી સંજયપ્રસાદ(આઇએએસ), ડૉ. રૂપેન્દ્રસિંગ સોઢી, કુ. મલૈકા શ્રીનિવાસન, સોસાયટીનો કોમેન્ડેશન એવોર્ડ, ડૉ. ટી. સેન્થીલકુમાર, ડૉ.મહંમદ શફીક આલમ, ડૉ. અભય કુમાર ઠાકુર, ડૉ. અર્જામદત્તા સારંગીને, સોસાયટીનો બેસ્ટ ચેપ્ટર એવોર્ડ હરિયાણાના હિસ્સાર ચેપ્ટરને, કન્વીનરનો એવોર્ડ ડૉ. ડી.સી.જોષી અને ડૉ. આર.વી.પ્રસાદને, કો-કન્વીનરનો એવોર્ડ ડૉ. આર. કે. જૈન અને ડૉ. એસ. એચ. અકબરીને, ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરીનો એવોર્ડ ડૉ. આર. સુબ્બૈયાને અને સોસાયટીનો ટાફે સ્ટુડન્ટ ગોલ્ડ મેડલ એવોર્ડ, પી.એચ.ડી. માં ડૉ. રઉફ અહમદ પેરીને, એમ.ટેકમાં એન્જિનિયર યલપ્પા ડી.ને. અને બી.ટેકનો એવોર્ડ એન્જિનિયર વિવેક આર. કામતને આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના નાયબ નિયામક(જનરલ) સહિત દેશભરની જુદી જુદી કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, નાબાર્ડ, નેશનલ ડેરી ડેવલપમેન્ટ, અમૂલ, જીએલડીસી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ, તેમજ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના અધિકારીઓ, દેશ-વિદેશના કૃષી ઇજનેરો, સંશોધનકારો, ઉદ્યોગ સાહસિકો, યુનિવર્સિટીના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહયા હતાં.

-------------------------


OUR SPONSORS
Amul
NETAFIM
AAU
National Symposium
on
Doubling Farmers'
Technological Interventions
08-10, 2018
Organized By
Indian Society of Agricultural Engineers, New Delhi &
Anand Agricultural University, Anand - 388110, Gujarat, India




Indian Society of Agricultural
(ISAE)
National Sym
ling Farmers' Income through
Interventions
January 08-10, 2018
Indian Society of Agricultural Engineers, New Delhi &
ural University, Anand - 388110, Gujarat, India
ANNUAL CONVENTION
OF
INDIAN SOCIETY OF
AGRICULTURAL ENGINEERS
(ISAE)


on
s' Income through Technological In
10, 2018


52nd Annual Convention of
Indian Society of Agricultural Engineers (ISAE)
and
National Symposium
on
Doubling Farmers' Income through Technological Interver
January
10, 2018


National Symposium
on
through Technological
2018


B. A. COLLEGE OF AGRICULTURE
52nd Annual Convention of


Amul
Farmers'


Indian Society of Agricultural Engineers
and
National
on
AAU
OUR SPONSORS